ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૧૮/૧૮-૧૯/ 5781 તારીખ : 24 DEC 2018

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૧૮/૧૮-૧૯

પ્રતિ,
શ્રી સુતરીયા કરશનભાઈ મેઘજીભાઈ,
વતી જીગ્નેશભાઈ સુતરીયા,
બસસ્ટેન્ડ પાસે, સીતારામ સ્ટોરની સામે,
ગામ-કોબડી, જી.ભાવનગર.
**મો.નં. ૯૨ ૨૫ ૨૨ ૨૬ ૧૬.**

**વિષય : ખેતીવાડી વીજ કનેકશન ચાલુ કરી નુકશાની ભરપાઈ કરી આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર અત્રેની કચેરીને મળ્યા તા.૨૯૦૯/૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૮/૧૮-૧૯/૪૪૪૬ તા.૦૧/૧૦/૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૮/૧૮-૧૯/૪૮૮૬ તા.૧૧/૧૦/૧૮.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૮/૧૮-૧૯/૫૧૦૩ તા.૦૫/૧૧/૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૭/૧૧/૧૮** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **શહેર-૨ ભાવનગર.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મામસા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૧૧૮/૧૮–૧૯ ☜

વાદી :– શ્રી સુતરીયા કરશનભાઈ મેઘજીભાઈ વતી જીગ્નેશભાઈ સુતરીયા

◈ વિરૂઘ્ઘ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખ:– ૧૭.૧૧.૨૦૧૮ ◈

હાજર રહયા :– જીગ્નેશભાઈ ગોપાભાઈ સુતરીયા

પ્રતિવાદી :– શ્રી એસ. ટી. ગુજરાતી, નાયબ ઈજનેર, શહેર–૨ વિભાગીય કચેરી, ભાવનગર.

(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી સુતરીયા કરશનભાઈ મેઘજીભાઈ વતી જીગ્નેશભાઈ સુતરીયા, મુ.કોબડી, તા.જી.ભાવનગરની ખેતીવાડી વીજકનેકશન ચાલુ કરી નુકશાની ભરપાઈ કરી આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૧૮/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૧૮/૧૮–૧૯/૪૪૪૬ તા.૦૧.૧૦.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૩.૧૦.૧૮, તા.૦૩.૧૧.૧૮ અને ૧૭.૧૧.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી તા.૧૭.૧૧.૧૮ ના રોજ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એસ. ટી. ગુજરાતી, નાયબ ઈજનેર, શહેર–૨ વિભાગીય કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદારશ્રીની સી.જી.આર.એફ. સમક્ષની તા.૨૬/૦૯/૧૮ ના રોજની રજુઆત મુજબ તેઓના કોબડી ગામનાં ખેતીવાડી વીજજોડાણ નં.૩૭૮૧૯/૦૧૦૪૦/૧ નાં મામસા સબ ડીવીઝનના કર્મચારી દવારા તા.૧૭/૦૯/૧૮ ના રોજ જમ્પર કાપી ૮ દિવસ વીજપુરવઠો બંધ કરેલ છે, જે વારંવાર રજુઆત કરવા છતાં કાર્ય પ્રત્યે ઉદાસીનતા દાખવેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૧.૨ વીજપુરવઠો બંધ હોવાના કારણે આજદીન સુધી થયેલ નુકશાનીના વળતર પેટે રૂપિયા ૯૦૦/– ચુકવવા હુકમ કરવામાં આવે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત:– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ શ્રી કરશનભાઈ મેઘજીભાઈ સુતરીયા કોબડી ગામે ગ્રા.નં.૩૭૮૧૯/૦૧૦૪૦/૧ થી ખેતીવાડી વીજજોડાણ એ–ર કેટેગરીનું ધરાવે છે. જેમને તા.૧૭/૦૯/૧૮ ના રોજ શ્રી મગનભાઈ ભગતભાઈ ચૌહાણની વાડીએ ૧૧ કે.વી. લાઈનમાં સ્પાર્કીંગ થવાના કારણે નીચે બાંધેલ પાંચ થી સાત માલઢોરને અકસ્માત ન થાય તેવા હેતુથી રાત્રીના સમયે જમ્પર કાપી વીજપુરવઠો બંધ કરવામાં આવેલ હતો.

૨.૨ તા.૧૮/૦૯/૧૮ ના રોજ અત્રેની કચેરીમાં ફરજ બજાવતાં કર્મચારી શ્રી વી.આર.અસારી દવારા જરૂરી ટ્રી કટીંગ કરી, જમ્પર આપવાની કામગીરી કરવા માટે મોકલવામાં આવેલ હતાં પરંતુ શ્રી મગનભાઈ દવારા તેમની વાડીનો લીમડો કાપવા દીધેલ નહી, જેથી તા.૧૮/૦૯/૧૮ ના રોજ જમ્પર આપી શકાયેલ નહી.

૨.૩ ફરીવાર તા.૨૧/૦૯/૧૮ ના રોજ અત્રેની કચેરીમાં ફરજ બજાવતાં કર્મચારી શ્રી વી.આર.અસારી દવારા જ ટ્રી કટીંગ કરી, જમ્પર આપવાની કામગીરી કરવા માટે મોકલવામાં આવેલ હતાં પરંતુ શ્રી મગનભાઈ દવારા તેમની વાડીનો લીમડો કાપવા દીધેલ નહી તેમજ નાયબ ઈજનેર, મામસા સ.ડી. દવારા ટેલીફોનીક સમજાવતાં પણ તેઓ ઝાડ કાપવા દેવાની સ્પષ્ટ ના પાડેલ હતી.

૨.૪ તા.૨૫/૦૯/૧૮ ના રોજ નાયબ ઈજનેર, મામસા સ.ડી. દવારા રૂબરૂ સ્થળ મુલાકાત લીધેલ અને જમ્પર આપવા માટે જણાવતાં, શ્રી મગનભાઈ દવારા તેવું જણાવેલ કે આશરે એકાદ વર્ષ પહેલા આ પ્રકારનો પ્રશ્ન ઉદભવેલ ત્યારે શ્રી ગોપાભાઈ દવારા જે તે સમયે તેવી બાંહેધરી આપેલી કે આ લાઈન હું મારા ખર્ચે ફેરવી આપીશ અથવા આ લાઈનમાં પ્લાસ્ટીક કોટીંગવાળો વાયર નખાવી આપીશ, તેવી બાંહેધરી આપીને એક વર્ષ પહેલા જમ્પર બાંધેલ હતાં, પરંતુ શ્રી મગનભાઈ દવારા અવારનવાર સદર બાબતે મૌખિક રજુઆત કરવા છતાં શ્રી ગોપાભાઈ દવારા અપાયેલ બાંહેધરી વીશે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. આથી શ્રી મગનભાઈ દવારા નાયબ ઈજનેર, મામસા સ.ડી.ને એવી રજુઆત કરેલ કે, તમે કનેકશનના માલીકોને અહી રૂબરૂ બોલાવી આપો પછી આગળની કાર્યવાહી કરવા જણાવેલ, જે અંગેનું વિગતવાર રોજકામ મામસા સ.ડી. દવારા કરવામાં આવેલ છે, જેની નકલ આ સાથે સામેલ છે.

૨.૫ તા.૨૯/૦૯/૧૮ ના રોજ મામસા સ.ડી.ના નાયબ ઈજનેર તથા કોબડી વસવાટ કરતાં વીજ કનેકશન ધારકોને સાથે લઈ જઈ, શ્રી મગનભાઈની રૂબરૂ મુલાકાત કરાવેલ અને ત્યારે પણ શ્રી મગનભાઈ દવારા ઉધ્ધતાઈભર્યુ વર્તન કરી, મારી આ લાઈન પણ ફેરવી નાખવી છે અને મારૂ કનેકશન પણ રદ કરી નાખો તેવી હઠ પકડેલ. જેથી મામસા સ.ડી.ના નાયબ ઈજનેર દવારા શ્રી મગનભાઈને મામસા કચેરી ખાતે આવી બંધ રહેલ ત્રણેય વીજકનેકશન વાળા ગ્રાહકોને પાકમાં નુકશાન જાય તો તેની જવાબદારી શ્રી મગનભાઈની રહેશે, તેવી નોટીસ પણ આપવામાં આવેલ છે, જેની નકલ આ સાથે સામેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૨.૬ તા.૨૯/૦૯/૧૮ ના રોજ બનેલ ઘટનાના અનુસંધાને મામસા સ.ડી.ની ટીમ માનસીક તૈયારી કરી, તા.૩૦/૦૯/૧૮ ના રોજ ઝાડ કાપવા જઈશું અને કોઈ અગમ્ય બનાવ બને તો ફરજમાં રૂકાવટનો કેસ દાખલ કરી, જરૂરી પોલસ બંદોબસ્ત માંગી, આગળની કાર્યવાહી હાથ ધરવાનો નિર્ણય લીધેલ. જેને અનુરૂપ તા.૩૦/૦૯/૧૮ ના રોજ નાયબ ઈજનેર, જુનીયર ઈજનેર તથા બે લાઈન સ્ટાફ મામસા સ.ડી.ના તથા ઓફીસમાં કાર્યરત સીકયોરીટીને (આઈ.સી. માટેની) બોલાવી સવારનાં સ્થળ પર ગયેલ જયાં શ્રી મગનભાઈ તેમની પાણીની મોટર બળી ગયેલ હોય તે રીપેરીંગ માટે તળાજા ગયેલ હોવાનું માલુમ પડેલ આ સમયે લાઈન સ્ટાફ દવારા લાઈનને નડતરરૂપ ડાળીઓ કાપવાની કામગીર શરૂ કરેલ હતી. કામગીરી પુર્ણ થવાની હતી તે સમયગાળામાં શ્રી મગનભાઈના નાના ભાઈ શ્રી પંકજભાઈ આવી કોને પુછીને ઝાડ કાપો છો અને ઝાડ પરથી નીચે ઉતરી જવા જણાવેલ. પરંતુ તે સમયે એક કર્મચારી દવારા ઝાડ કાપવાની કામગીરી પુર્ણ કરેલ હતી અને બીજા કર્મચારી દવારા જમ્પર આપવાની કામગીરી પુર્ણ થઈ ગયેલ હોય, તેમને જે કોઈ વાંધો હોય તે ઓફીસે લેખિત રજુઆત કરવા માટે જણાવેલ, ત્યારે શ્રી પંકજભાઈ દવારા જણાવેલ કે અમારે આ લાઈન બીજેથી લેવાની છે, જેનું અત્યારે જ તમે સર્વે કરતાં જાવ તેમ જણાવેલ. આથી વધુ અણબનાવ ન બને તે માટે તાત્કાલીક સર્વે કરવામાં આવેલ અને તેમને લાઈન ફેરફારનું જરૂરી અંદાજપત્ર પણ આપવાની કાર્યવાહી મામસા સ.ડી. દવારા હાથ ધરવામાં આવેલ છે.

૨.૭ જો શ્રી મગનભાઈ દવારા ઝાડ કાપવા માટે કોઈ વિવાદ ઉભો કરવામાં આવેલ ન હોત તો તા.૧૮/૦૯/૧૮ ના રોજ જરૂરી ઝાડ કાપી, તેમને વીજપુરવઠો મળે તેવી કામગીરી કરવામાં આવી હોત. સદર બાબતે વીજકંપનીની કોઈ બેદરકારી નથી અને તેથી સદર કેસમાં વળતર આપવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, જે આપ સાહેબની જાણ સારૂ.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર જીગ્નેશભાઈ ગોપાભાઈ સુતરીયા, ગામ–કોબડી ખાતે ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે.

૩.૨ વાદીનાં વીજજોડાણનાં સ્થળ પર જયાંથી વીજલાઈન આવે છે, તેમાં ભગતભાઈ બારૈયા દવારા અવારનવાર લાઈનનાં જમ્પર કાપી નાખવામાં આવે છે, જેના કારણે ઘણાં દિવસો સુધી વાદીને મળતો વીજ પુરવઠો બંધ થઈ જાય છે અને વાદીની ફરીયાદ કર્યા બાદ પ્રતિવાદીએ જમ્પર રીપેરીંગનું કાર્ય તરત કરાવતાં નથી, તેને લીધે વાદીને નુકશાન થાય છે.

૩.૩ પ્રતિવાદીની રજુઆત છે કે, વાદીનાં વીજ સ્થાપન પર આવતી લાઈનમાં વધારે પ્રમાણમાં ઝાડ હોવાથી અવારનવાર લાઈનમાં સ્પાર્ક થાય છે. તેથી મગનભાઈ દવારા તે જમ્પર કાપી નાખવામાં આવતા અને જયારે પ્રતિવાદીનાં માણસો જમ્પર રીપેર કરવા ગયેલ ત્યારે મગનભાઈ દવારા ખરાબ વર્તત કરવામાં આવેલ અને કામમાં અવરોધ ઉભો કરી, જમ્પર કરવા દીધેલ અને અને પ્રતિવાદીનાં માણસો પરત આવેલ. ત્યારબાદ પ્રતિવાદીએ તેમના નાયબ ઈજનેર તથા લાઈન સ્ટાફ તેમજ સીકયોરીટીને સાથે રાખી ઝાડની ડાળી કાપવાની કામગીરી કરેલ અને જમ્પર રીપેર કરી વાદીને વીજ પુરવઠો ચાલુ કરી આપેલ.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૩.૪ પ્રતિવાદીએ મગનભાઈની વાડીમાંથી પસાર થતી લાઈનને ફેરવવા માટેનું તેઓને રૂા.૩૫,૬૯૯/- નું અંદાજપત્ર પાઠવેલ, જે ભરપાઈ કરવામાં આવેલ નહી. આથી પ્રતિવાદી દવારા લાઈન ફેરવવામાં આવેલ નહી.

૩.૫ વાદીને જે લાઈનમાંથી વીજ પુરવઠો મળે છે તેના આગળના સેકશનમાં વધુ પડતાં ઝાડ હોઈ અવારનવાર મગનભાઈ દવારા જમ્પર કાપી નાખવામાં આવે છે જેને લીધે વાદીની ફરીયાદ ઉભી થયેલ છે. આથી ફોરમે પ્રતિવાદીને કોઈ તાંત્રિક નિરાકરણ લાવવા માટે એક ગાળાનો એરીયલ બન્ચ કેબલ નાખવાનું સુચવેલ છે, જેથી કરીને વાદીની ફરીયાદનો કાયમી ઉકેલ આવી શકે.

## -:: હુકમ ::-

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૫ મુજબ હુકમ કરવામાં આવે છે."**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | ગેરહાજર | |
| **(બી. જે. દવે)** | **(પી. એચ. માવાણી)** | **(એમ. આર.વજરીયા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ:- **૨૭.૧૧.૨૦૧૮**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.